જન્મદિને વધામણી

જયેન્દ્રકુમાર નગીનદાસ પરીખ
ઉપપ્રમુખ, ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને સમસ્ત વૈષ્ણવ વણીક પરિવાર
મો. ૯૪૨૮૦ ૦૦૫૬૯

સુમંત નાથાલાલ પરમાર
મો. ૯૬૦૧૬ ૫૮૮૪૧

વેણુ ભારતી-ગાંધીનગરના કલાકારો દ્વારા અલ્હાબાદ ખાતે રાસ-ગરબાની રમઝટ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની સતત પ્રવૃત્તિરત સાંસ્કૃતિક સંસ્થા વેણુ ભારતીના કલાકારોએ તાજેતરમાં ઉત્તર પ્રદેશ ખાતે માઘમેલા અંતર્ગત અલ્હાબાદ ખાતે આયોજિત 'ચલો મન ગંગા યમુના તીર' કાર્યક્રમમાં ભાગ લઈ સંસ્થાના ડિરેક્ટર નીતિન દવેના નેતૃત્વ હેઠળ રાસ-ગરબાની ભવ્ય રજૂઆત કરી ગાંધીનગર અને ગુજરાતની ગરિમાને ઉજાગર કરી હતી. બિન્ની દવેના નૃત્ય નિર્દેશનમાં આ કાર્યક્રમ અંતર્ગત મનોજ સોલંકી, શ્રેણિક દીપાનકર, પિયુષ ચૌહાણ, જય દવે, દર્શના રાઠોડ, જવનિકા મહેતા, કરિશ્મા પાટડીયા, રિદ્ધિ વ્યાસ દ્વારા રાસ-ગરબાની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ગાયક-વાદ્ય કલાકાર તરીકે કનુ ઠાકોર, રમેશ નાડિયા, કીર્તિ વ્યાસ, નરેશ સોલંકીએ આ ટીમને સંગત પૂરી પાડી હતી.

નિસર્ગ સેન્ટર - જેડા દ્વારા ઊર્જા સંરક્ષણ જાગૃતિ રેલી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે શનિવારે બાલ ઊર્જા રક્ષક દળ-૨૦૧૬ અંતર્ગત ઊર્જા બચત માટે જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં ગાંધીનગર શહેર વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારની કુલ ૬૫ ઉચ્ચતર માધ્યમિક શાળાના ૧૫૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૧૦૦ શિક્ષકો જોડાયા હતા.

જેડાના નિયામક જી ટી અખાણી અને ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદીએ લીલી ઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. રેલી આર જી કન્યા વિદ્યાલય, સેક્ટર-૨ ઉથી શરૂ થઈને ટાઉનહોલ ખાતે પહોંચી હતી. આ દરમ્યાન વિદ્યાર્થીઓએ કેપ, બેનર, ફ્લેંગના માધ્યમથી 'ઊર્જા બચાવો'નાં સૂત્રો પોકારી ઊર્જા પ્રત્યે જાગરૂકતા ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કડી કેમ્પસના ડિરેક્ટર સોમભાઈ પટેલ, બીએડ કોલેજના આચાર્ય વ્યાસ સાહેબ, આર જી પટેલ કન્યા વિદ્યાલયનાં સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ અને નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગના સંયોજક હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વિવેક મકવાણા અને જિતેન્દ્ર ઠાકોરે જહેમત ઉઠાવી હતી.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૩
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમ્પોલ (ગુજ.)
૪.૦૦
એરલિફ્ટ
૭.૧૫
સ્ક્રીન-૫
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

સંવેદના વિભાગ અંગે...

સંવેદના વિભાગ અંતર્ગત 'મારી મા' વિષયક લખાણો અખબાર પાસે જમા છે, જેમને હવે પછીના રવિવારે સ્થાન આપવામાં આવશે. જે વાચકો હજુ આ વિષયે પોતાના અનુભવો મોકલવા ચાહે તે મોકલી શકે છે. સૌ વાચકોને સાદર વિનંતી કે અખબાર અને વાચકો 'મા' વિશે આપના અનુભવો જાણવા આતુર છે, 'મા' વિશેની ફિલસૂફી નહીં. તેથી કૃપયા આપના અનુભવો, પ્રસંગોની વાત આ વિભાગમાં કરશો તો વાચકોનો રસ જળવાઈ રહેશે.

- સંપાદક

પોદાર જમ્બો કીડ પ્રી. સ્કૂલ દ્વારા

રોડ સેફ્ટી અને ટ્રાફિક અવેરનેસ માટે કાર્યક્રમ

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર પોદાર જમ્બો કીડ્સના ૩ થી ૬ વર્ષના બાળકો દ્વારા કર્તવ્યરેલીનું ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ ઘ-૨ સર્કલથી ઘ-૩ સર્કલ સુધી સવારે ૯.૩૦ કલાકે શરૂ કરવાનું આયોજન કરેલ હતુ. આ રેલીમાં ૨૫૦ બાળકો અને તેમના વાલીઓ જોડાયેલા હતા. આ રેલીનો હેતુ સમાજને રોડ સેફ્ટી અને ટ્રાફિક રૂલ્સ માટે સૂત્રોચ્ચાર અને સ્લોગન દ્વારા જનજાગૃતિ લાવાનો પ્રયાસ કર્યો હતો. રેલીનું પ્રસ્થાન મીની જોસેફ (એસઆઈ ગાંધીનગર) દ્વારા કરવામાં આવેલ હતુ. આ રેલી જમ્બો કીડ્સના હેડમીસ્ટ્રેસ રીચા ટંડન અને ટિચીંગ સ્ટાફ બાળકોને સહકાર આપવા હાજર રહ્યા હતા.

બાળકોને નાનપણથી જ શિસ્ત અને ટ્રાફિક સેન્સ કેળવાય તે બહુ જ જરૂરી છે. અને પોદાર જમ્બો કીડ પ્રિ. સ્કૂલ આવા સુંદર કાર્યક્રમો કરે છે તેમને અભિનંદન છે.

- રાજેશ પટેલ (વાલી)

ઘણી વખત નાના બાળકો અમોને સીટબેલ્ટ બાંધવા કે હેલ્મેટ પહેરવાની યાદ અપાવે ત્યારે થાય કે ખરેખર આવા કાર્યક્રમોની સારી અસરો બાળકો પર અત્યારથી જ પડે તે બહુ સારી વાત છે.

- પ્રણીતાબેન (વાલી)

આવા કાર્યક્રમોથી મા-બાપ અને બાળકો વચ્ચે શાળા બહાર પણ સેતુ બંધાય છે. મા-બાપને પણ નીયમો સમજાવવા ભુલકાઓ તૈયાર થાય અને મોટા થતા સમાજને શિસ્ત અને અનુશાસન પરત્વે સભાન કરાવી શકે છે. આજે ૨૫૦ જેટલા બાળકોએ વાહન ચાલકોની જાગૃતિ અંગેના સ્લોગનો ગાયા તે આજીવન યાદ રાખશે. આ આપણી નૈતિક ફરજ છે જેને દરેક નાગરિકે સ્વીકારવી જ રહી.

- રીયા ટંડન (વ્યવસ્થાપક)

ના. આ કોઈ ફિલ્મનો સેટ નથી. ઈલાક્ષીબેન અને ભક્તપ્રકાશ રાવના સુપુત્ર જયરાવનાં લગ્ન સુમીત્રાબેન-અશ્વિનકુમાર બ્રહ્મભટ્ટની સુપુત્રી ચાર્વી સાથે થયાં. સત્કાર સમારંભ ગાંધીનગરના પાદરે સ્થિત 'રાવ વર્લ્ડ' ખાતે યોજવામાં આવ્યો હતો એ પ્રસંગની આ તસવીરો છે. દરિયા કિનારાનો ઓપ સમગ્ર રાવ વર્લ્ડને આપવામાં આવ્યો હતો અને નગરના ઉદ્યોગપતિઓ, અધિકારીઓ, અખબારનવેશો વગેરેએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવદંપતિએ આશીર્વાદ પાઠવ્યા હતા. ગાંધીનગર સમાચારના વાચકોને યાદ હશે કે પાંચ વર્ષ અગાઉ રાવ વર્લ્ડ ખાતે આવો જ ભવ્ય લગ્ન સમારોહ યોજાયા અંગેના સમાચાર, તસવીર સાથે સૌપ્રથમ ગાંધીનગર સમાચારે પ્રગટ કર્યા હતા. શનિવારે પુનઃ રાવ વર્લ્ડ ખાતે એવો જ માહોલ સર્જાયો હતો. **(તસવીર : વિનોદ રાઠોડ)**

પેટ અમારું પણ અમારી ભૂખ મા મહેસૂસ કરે, આંખો અમારી પણ ઊંઘ એ મહેસૂસ કરે

મારી મા મમતાનો મહાસાગર છે. પોચું હૈયું અને અદ્‌ભૂત સહનશક્તિનું જીવંત વ્યક્તિત્વ એટલે મારી મા.

મીલમાં સુથારીકામ કરતા અમારા પિતાશ્રીના પાંચ પુત્રો અને ત્રણ પુત્રી. અમારા કુટુંબની કોઈપણ જાતની દાદ ફરિયાદ વગર પૂરું કરવાની માની કુશળતા આજે પણ અમારા માટે કોયડા સમાન છે. ઘરની જુદી-જુદી વ્યક્તિઓની અલગ અલગ સમયે જમવાની જરૂરિયાતને કારણે તેને આખો દિવસ રસોડામાં ભરાઈ રહેવું પડતું. એની બનાવેલી રસોઈ એટલે તમે આંગળા ચાટી જાવ. કોઈપણ સમયે ઘેર આવેલા મહેમાનને તે આગ્રહપૂર્વક જમાડતાં. ઘરની ટૂંકી આવકનો પ્રશ્ન આડે આવતો નહિ. કેટલાક સંબંધીઓ તો અમારા ઘરને સતત બાર કલાક ચાલતી ડાહીબાની ભોજનશાળા જ કહેતા. તેમ છતાં બા ભક્તિ માટેય સમય કાઢી લેતાં.

કોમી વાતાવરણ અને બાપુજીની મીલની નોકરીએ અમને અસારવામાં રહેતા કર્યા હતા. શ્રાવણ વદ અમાસના રોજ અસારવામાં નીકલંઠ મહાદેવનો મેળો ભરાય. બાપુજીને હરખના ઊભરા આવે. એ અમદાવાદમાં રહેતા બધા સગાને ઘેર ફરી વળે અને કહી આવે, 'મેળામાં જરૂર આવજો અને જમવાનું પણ અમારા ઘેર રાખજો.' બા અમાસના આગલા દિવસે લાડવા બનાવી રાખે અને જે આવે તેને પ્રેમથી આગ્રહ કરી દાળ-ભાત-લાડુ જમાડે.

મોટાં બહેનને તો નાની ઉંમરે પરણાવી દીધેલાં પરંતુ ભાઈ-ભાભી પર સરખો પ્રેમ રાખતાં. કોઈપણ વહુને કદી એમણે ઊંચા અવાજે કંઈ કહ્યું હોય એવું મને યાદ નથી. ઘરમાં કોઈપણ માંદું હોય તો તેની સેવા-ચાકરી કરવા માટે બા પોતાની ઉંઘનો ત્યાગ કરી દેતાં.

૬૫ વર્ષની જૈફ વયે પાટ પરથી પડી ગયાં ને થાપાના ફેક્ચર પછી ઑપરેશન કરાવવું પડ્યું ત્યારે એમણે કણસવાનો અવાજ સુદ્ધાં નહોતો કર્યો. એવી હતી એમની સહનશક્તિ ! અન્ય સાથે પ્રેમથી વર્તવું, સંયમથી જીવવું અને સત્યનું આચરણ કરવું એ મને મારી માએ શીખવ્યું છે, એમની આ ગળથૂથી મારી નસેનસમાં વ્યાપ્ત છે ને રહેશે.

- નટુભાઈ પી. ગજ્જર
સેક્ટર-૨૯

જે જતન કરે તે મા. મા એટલે સમૃધ્ધ, હૃદયભરી દિવ્ય આત્મશક્તિ. એ જન્મ આપે છે અને જતન કરે છે. માતૃત્વ એ પ્રકૃતિની નિયતી છે પરંતુ માણસના ભાગ્યમાં જે હોય એ તો એણે વેઠવાનું જ છે. તો પણ વિધાતાને વિનવણી કરવાનું મન થાય છે કે હે પ્રભુ, ગુંજાશથી વધુ દુખ કોઈને ન આપીશ. હજી જે બાળક માતાની ગોદથી છૂટું નથી પડ્યું, જગતને જોયું નથી, લાડથી હસ્યું નથી, રડ્યું નથી, માતાની હજી પૂરી પહેચાન થઈ નથી ત્યારે હે ઈશ્વર, એને નમાયું ને ઓશિયાળું કરીને આ જગતના જંગલમાં એકલું મૂકીશ નહીં.

કોઈને ત્યાં દીકરીના દીકરા રમતાં હોય પણ જો એની મા જીવતી હોય તો ૯૯ વર્ષે પણ એને પોતે નાનો બાળક હોય એમ મા પાસે લાડ કરે છે. પરંતુ, અફસોસ ! મને આવું સદ્‌નસીબ સાંપડ્યું નથી. મારાં દાદી પાસેથી મને જાણવા મળેલું કે હું જ્યારે ૧૦ દિવસનો હતો ત્યારે મારી જનેતાએ આ દુનિયામાંથી વિદાય લીધી હતી. મેં મારી જનનીનું મોં સુદ્ધાં જોયું નથી, તો એનો પ્રેમ પામવાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? એટલે જ ઈશ્વરને સાદર વિનંતી કર્યા કરું છું કે કોઈ બાળકને ઓશિયાળું ને નમાયું ન રાખે !

- હરિભાઈ રાઠોડ

મારી સ્વર્ગીય માને યાદ કરું છું તો મુખ્ય બે બાબતો યાદ આવે છે : એક તો એના હાથનો મૃદુ સ્પર્શ અને બીજું તેની સાડીનો પાલવ. તેના હાથના સ્પર્શમાં દેવી સત્વ હતું અને તેની ઝીણી સાડીના પાલવમાં સ્વર્ગીય સુખ હતું.

મારી મા એટલે મંગલમયી, મમતાની મૂર્તિ. દયા, કરૂણા, ક્ષમા, સહનશીલતા, ઔદાર્ય એ જ એનું જીવન હતું. સંયુક્ત કુટુંબમાં જળકમળવત રહેતી. કુટુંબ કંકાસ વખતે કે મનદુખના પ્રસંગોએ 'જવા દોને હવે', 'મૂકો ને માથાકુટ હવે', 'બસ કરો હવે', 'એ તો થઈ રહેશે', 'ભગવાન સૌ સારાં વાનાં કરશે'... એવા શબ્દો બોલીને સમજાવટથી કંઈ કેટલાય કંકાસો એણે અટકાવ્યા છે, કેટલાયને દિલાસા આપ્યા છે.

એ બધાંના દુખે દુખી રહેતાં. કુટુંબમાં કોઈ મુશ્કેલીમાં હોય તો તરત જ ઘીના દીવાની કે નાળિયેર ધરાવવાની માનતા મા માની લેતી, છાને ખૂણે આંસુ સારી લેતી અને સૌ સારાં વાનાં થાય ત્યારે હર્ષનાં આંસુય સારી લેતી.

જ્ઞાતિ પ્રસંગોએ મને કંઈ કેટલીય વાર વડીલો પૂછે, 'તું સવિતાબેનનો દીકરો ને ? એમના જેવું તો કોઈ ના થાય.' આમ મારી માતાના નામે મારી ઓળખ થતી ત્યારે મને ખૂબ ગર્વ થતો. મારી માના હસ્તાક્ષર મરોડદાર હતા. તેનો કંઠ અતિ મધુર હતો. એમના કંઠે સાંભળેલાં ભજનો મને હજુ એવાં ને એવાં યાદ છે. મારી મા મારા હૃદયમાં જીવે છે. એના વિશેની આટલી વાતો વ્યક્ત કરવા મળી તોય એના પ્રત્યેનું થોડું ઋણ ઓછું થયું હોય એવું લાગે છે.

- કે એસ ત્રિવેદી, સેક્ટર-૧ બી

સંવેદના
મારી મા

મારાંમા મારાથી ૪૦૦ કિમી દૂર, આજે ૭૩ વર્ષનાં થયાં છે. મારો સંસાર સજાવીને બેઠી છું તેથી વારે-વારે તેમની પાસે જઈ શકતી નથી, પરંતુ ફોન પર રોજ એકવાર લાંબી વાતો કરું. શું વાત કરું છું એ મહત્ત્વનું નથી, મહત્ત્વનું છે એની સાથે લાગણીથી જોડાયેલા રહેવાનું!

મને મારી મા હંમેશાં મૂઠી ઊંચેરી લાગી છે. ૩ વર્ષમાં ત્રણેય ભાઈ-બહેનનો જન્મ. પેટ અમારું પણ અમારી ભૂખ મા મહેસૂસ કરે, આંખો અમારી પણ ઊંઘ એ મહેસૂસ કરે. અમને ભૂખ લાગે એ પહેલાં રસોઈ અને ઊંઘ આવે એ પહેલાં પથારી તૈયાર જ હોય એવું માનું વહાલ !

ભણેલી સાત ગુજરાતી, ગામડા ગામમાં બાપ વગર ગરીબીમાં મોટી થયેલી પણ સ્વપ્નો તો આકાશને આંબવાનાં ! જાણે પીએચડી થઈ હોય એવી બાળ ઉછેરની એને સમજ. અમારી ઈચ્છાઓને પોતે જાણી લે અને પૂરી કરવા તત્પર રહે. અમને અમારી ઈચ્છા પ્રમાણે ઊડવાની પૂરી સ્વતંત્રતા આપે. આર્થિક સંકડામણને કારણે કરકસર કરવાનો તેનો સ્વભાવ. કામવાળી રાખે નહિ, શાકભાજી જાતે ઉગાડે અને જૂનાં કપડાંથી પોતે ચલાવી

લે. બાપુજી ઘઉંસંશોધનના કામમાં ગળાડૂબ રહે તેથી બાળ ઉછેર અને ઘર સંભાળવાની જવાબદારી મા એકલે હાથે સંભાળે.

દીકરી તો પારકે ઘેર જતી રહેશે એવું વિચારી આખી જિંદગીનું સુખ મને આપી દેવા એ સતત મથે. અમારાં જીવનમાં સાદાઈ, સંતોષ, નમ્રતા, હિંમત, આત્મસન્માન અને જાત મહેનતના ગુણો વિકસે તેની પૂરી કાળજી તેણે લીધી છે.

અમને ઘરરૂપી સ્વર્ગમાં સુખી જીવનના હકદાર બનાવવા માટે અમારી માને શત શત વંદન !

- સુધા પ્રણવ પટેલ
સેક્ટર-૮

મારી મા એટલે વાત્સલ્ય અને સ્નેહનો ઘટાદાર ઘેઘૂર વડલો. મા એટલે જ વ્હાલનો દરિયો, મા એટલે જ જીવન પ્રવાહ, જીવનનિર્વાહ અને જીવન ઘડતર. માતાનો પ્રેમ, બોલ અને બે હાથ એટલે જ ચારે દિશાઓમાંથી પ્રાપ્ત થયેલા આશીર્વાદ. કિલોમીટર દૂરથી જ મારા અવાજ પરથી મને વાંચતી અને મારા દુખને દૂર કરવા વિશ્વની શ્રેષ્ઠ ડૉક્ટર બનતી, મારા માટે ઔષધનો વિકલ્પ એટલે મારી મા.

હું ઘણીવાર નિશ્ચય કરું છું કે મારી મા મારી સાથે રહે પણ શહેરના વાતાવરણથી દૂર ભાગતી અને ગામને યાદ કરીને નિઃસાસા નાખતી માનો દુખી ચહેરો હું જોવા માગતો નથી, એથી નાછૂટકે માથી દૂર રહેવું પડે છે. અંતર અમારી વચ્ચે ભલે વધુ છે, પણ અંતરથી અમે દૂર નથી.

મા એટલે વિશ્વનું સ્નેહ બિંદુ.

મા એટલે અમૃતથી છલોછલ પાત્ર.

મા એટલે વિશ્વનું ઈશ્વર રચિત શ્રેષ્ઠ પાત્ર.

મારા જીવનનું ''પ્રભાત'' એટલે મારી બા : પ્રભાતબા.

- હિતેન્દ્રસિંહ સુમેરસિંહ રાઠોડ, ઘણપ

સંવેદના
મારી મા

હું જ્યારે મા બનવાની હતી ત્યારે મને એ વાત સમજાઈ કે મા એટલે શું ને મા જિંદગીમાં ન હોય તો શું થાય ? એ વખતે મારી જિંદગી જોખમમાં આવી ગઈ હતી, પરંતુ મારી મા મારી સાથે હતી, તો મને જોખમમાં કેમ રહેવા દે ? તેણે પોતાની સમયસૂચકતાથી ન માત્ર મારી જિંદગી બચાવી પરંતુ મને મા બનવાનું સ્વર્ગીય સુખ આપ્યું ! આ માટે હું મારી માને ક્યારેય નહીં ભૂલું.

ઉનાળુ વેકેશનમાં માતા-પિતા પાસે પહોંચવા માટે બંને દીકરીઓને લઈને ઘરેથી નીકળું ત્યારથી માંડીને મા પાસે પહોંચું ત્યાં સુધી દર દસ મિનીટે માનો ફોન આવ્યા જ કરે. મંદિરના દરવાજે ઊભી રહીને ભક્ત ભગવાનની રાહ જુએ એમ એ મારી રાહ જોતી ને અમે મળીએ એટલે ધરતી પર વરસાદ વરસે એમ વહાલથી વરસી પડતી મા મારી આંખોમાં જીવે છે ! આંખો બંધ કરું ને દૃશ્યમાં એ દેખાય એટલી નજીક જીવે છે ! એને વિસરવાનો પ્રશ્ન જ નથી, જાતને ભૂલું તો માને ભૂલું !

લખવા માટે શબ્દકોષમાંથી
શબ્દો ખૂટી જાય તે મારી મા
મંદિરમાં જે સ્થાન ભગવાનનું
મારા હૃદયમાં તે સ્થાન મારી માનું
દીકરાઓ કાજે પથ્થર એટલા દેવ કરતી તે મારી મા
પથ્થર એટલા દેવ કરી ભગવાન સાથે દીકરા માટે ઝઘડતી એ મારી મા
મોઢામાં ચપ્પલ મૂકી દીકરાની બાધાઓ પૂરી કરતી એ મારી મા
દીકરાના સ્વાસ્થ્ય માટે
પાણીનો પણ ત્યાગ કરતી એ મારી મા
સૌભાગ્યવતી હોવા છતાં
દીકરા માટે મંગળસૂત્ર વેચતી એ મારી મા
દીકરાઓ માટે પતિથી પણ
ઝઘડી પડતી એ મારી મા
દીકરાઓના ઘરે કૂતરાં-બિલાડાં માટે જગ્યા છે
પણ જેને નવ મહિના માએ પેટમાં રાખ્યો,
એ દીકરાના ઘરમાં માને રહેવા જગ્યા નથી
દીકરાઓ માટે વિધવા હોવા છતાં
ઘરનો ત્યાગ કરી મંદિરને ઘર બનાવનાર તે મારી મા
છતાં સમાજમાં હસતે મોઢે
'ઘરે ટાઈમ નથી જતો' એમ કહી દીકરાને સાચવતી તે મારી મા.

- વહાલી માની દીકરી

મા !

તને વાત્સલ્યનું ઝરણું કહું ?
ના
ઝરણું તો નાનું હોય ! તો
હું તને
વાત્સલ્યનો મહાસાગર કહું, ના.
મહાસાગર તો
કિનારાથી બંધાયેલો છે !
તો પછી તને હું
'મા' જ કહું કારણ કે
તારા વાત્સલ્યને પામવા માટે
શબ્દકોષ પાસે
'મા' જેવો બીજો કોઈ
સશક્ત શબ્દ નથી.
નાના હોય ત્યારે
સંતાનના શરીરને સાફ કરે તે મા !
મોટા થયા પછી
તેના ગુનાઓ માફ કરે તે મા !

- શાસ્ત્રી રાકેશભાઈ પંડ્યા
પેથાપુર